GJGS070003722010

| તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં<br>રજુ તાઃ–૨૦/૧૧/૨૦૧૦<br>દાખલ તાઃ–૨૦/૧૧/૨૦૧૦<br>ફોજદારી કેસ નં.–૪૬૯/૨૦૧૦<br>ગુ.ર.નં. – ૫૬/૨૦૧૦<br>ફેસલ તાઃ–૩૦/૦૪/૨૦૨૬<br>આંકઃ– | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઓઃ–** | **(૧) દડુ એસ/ઓ. દીનેશ શંભુભાઇ વાઘેલા,**<br>મુળ રહે.રાજુલા, હાલ રહે.વેરાવળ.<br>**(૨) સવીતાબેન ઉર્ફે દડી વા/ઓ. દીનેશ શંભુભાઇ વાઘેલા(એબેટ)** |
| આરોપી તરફે | – |

## –// <u>ફોર્મ–બી</u> //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૨૮/૦૫/૨૦૧૦ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૨૮/૦૫/૨૦૧૦ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૧૬/૧૧/૨૦૧૦ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૮/૦૯/૨૦૧૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૦૪/૧૦/૨૦૨૪ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૩૦/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૩૦/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// <u>આરોપીઓની વિગત</u> //–

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દડુ એસ/ઓ. દીનેશ શંભુભાઇ વાઘેલા | | | | નિર્દોષ ઠરાવેલ છે | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | સવીતાબેન ઉર્ફે દડી વા/ઓ. દીનેશ શંભુભાઇ વાઘેલા | | | ઇ.પી.કો.કલમ–૩૮૦, ૪૫૪ | એબેટ થયેલ છે | – | – |

# –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૧૬ | નરેન્દ્રભાઇ વીઠલભાઇ સવાણીની જુબાની. | પંચ સાહેદ |
| (૨) | ૧૮ | જેન્તીભાઇ જેઠાભાઇ વાઢેરની જુબાની. | પંચ સાહેદ |
| (૩) | ૨૦ | પ્રફુલભાઇ ગોરધનભાઇ અંધેરાની જુબાની. | ફરીયાદી |
| (૪) | ૨૩ | નટુભાઇ શ્યામજીભાઇ કમાણીની જુબાની. | પંચ સાહેદ |
| (૫) | ૨૫ | રેમાનભાઇ વલીભાઇ તુરકની જુબાની. | પંચ સાહેદ |
| (૬) | ૨૭ | વિજયભાઇ અમુભાઇ લુહારની જુબાની. | પંચ સાહેદ |
| (૭) | ૩૦ | અરવિંદભાઇ હરસુખભાઇ રાણીગાની જુબાની. | પંચ સાહેદ |
| (૮) | ૩૩ | જીતેન્દ્રકુમાર કરશનજી રાણીગાની જુબાની. | સાહેદ |
| (૯) | ૩૪ | નાથાભાઇ આલસુરભાઇ ગુજરીયાની જુબાની. | પંચ સાહેદ |
| (૧૦) | ૩૫ | દક્ષાબેન પ્રફુલભાઇ અંધેરાની જુબાની. | સાહેદ |
| (૧૧) | ૩૬ | અશોકભાઇ ગોરધનભાઇ અંધેરાની જુબાની. | સાહેદ |
| (૧૨) | ૩૮ | જનકસિંહ બળવંતસિંહ વાઘેલાની જુબાની. | ત.ક.અ. |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૭ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| (૨) | ૨૧ | ફરીયાદ |
| (૩) | ૨૨ | એફ.આઇ.આર. |
| (૪) | ૨૪ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| (૫) | ૨૬ | પંચનામુ |
| (૬) | ૨૮ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| (૭) | ૩૧ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| (૮) | ૩૨ | પહોંચ |
| (૯) | ૩૯ | પહોંચ |
| (૧૦) | ૪૦ | પાવતી |

**- :: ઠ રા વ ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તા.૨૮/૦૫/૨૦૧૦ ના રોજ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે રમળેચી ગામે આવેલ ફરીયાદીના મકાનમાં વંડી ઠેકી ડેલામાં પ્રવેશ કરી મકાનના દરવાજાનુ તાળુ તોડી રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રાખેલ કબાટની તીજોરીનુ તાળુ તોડી જેમાંથી સોનાના દાગીના, સોનાનો ચેઇન, ખેડ, સોનાની વીંટી-૩, સોનાનો હાર-૧ તથા કાનમાં પહેરવાની બુટી જોડી-૨, સોનાના નાકમાં પહેરવાના દાણા-૩ તથા સોનાના પેંડલ નંગ-૨ તથા રોકડ રૂા.૫૭,૦૦૦/- મળી સોનાના દાગીના સહિત કુલ રૂા.૧,૬૭,૦૦૦/- ની ચોરી કરી સોનાના દાગીના આરોપી નં.૨ નાને આપી જેણે દાગીના સોની દતાત્રેય હીતુરાય તથા જીતેન્દ્રકુમારને વેચી નાંખી અને મળેલ પૈસા વાપરી નાંખી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત દ્રારા સમન્સ કરતા, આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક-૮ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક-૯ તથા ૧૦ થી આરોપીઓની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં હાલના કેસની ટ્રાયલ દરમ્યાન આ કામના આરોપી નં.૨ મરણ જતા તેમનો મરણનો દાખલો આંક-૧૩ થી રજુ થતા આરોપી નં.૨ પુરતો હાલનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં હાલના કેસની ટ્રાયલ દરમ્યાન આ કામના આરોપી નં.૧ ને વારંવાર પ્રોસેસની બજવણી કરવા મોકલી આપેલ છે. જે બાબતે પોલીસ અધિકારી દ્રારા કરવામાં આવેલ શેરા મુજબ આરોપી મળી આવેલ નથી. જેથી આ કામે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્રારા આપવામાં આવેલ પરીપત્ર અને સી.આર.પી.સી.કલમ-૨૯૯ ની જોગવાઇ મુજબ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવા લાયક કેસ હોય જેથી આ કામે આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ અન્વયે કાર્યવાહી ચલાવવામાં આવેલ હોય, જેથી આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનુ નીવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રી દ્રારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તા.૨૮/૦૫/૨૦૧૦ ના રોજ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે રમળેચી ગામે આવેલ ફરીયાદીના મકાનમાં વંડી ઠેકી ડેલામાં પ્રવેશ કરી મકાનના દરવાજાનુ તાળુ તોડી રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રાખેલ કબાટની તીજોરીનુ તાળુ તોડી જેમાંથી સોનાના દાગીના, સોનાનો ચેઇન, ખેડ, સોનાની વીંટી–૩, સોનાનો હાર–૧ તથા કાનમાં પહેરવાની બુટી જોડી–૨, સોનાના નાકમાં પહેરવાના દાણા–૩ તથા સોનાના પેંડલ નંગ–૨ તથા રોકડ રૂા.૫૭,૦૦૦/– મળી સોનાના દાગીના સહિત કુલ રૂા.૧,૬૭,૦૦૦/– ની ચોરી કરી સોનાના દાગીના આરોપી નં.૨ નાને આપી જેણે દાગીના સોની દતાત્રેય હીતુરાય તથા જીતેન્દ્રકુમારને વેચી નાંખી અને મળેલ પૈસા વાપરી નાંખી આઇ.પી.સી.કલમ–૩૮૦, ૪૫૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

(૮) આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા

બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૧૬ થી પંચ સાહેદ નરેન્દ્રભાઇ વીઠલભાઇ સવાણીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ચૌદેક વર્ષ પહેલા પંચમાં રહેવા સમજ કરેલી ત્યારે પોલીસ સાથે ગયેલ અને ત્યાં પ્રફુલભાઇ ગોરધનભાઇ અઘેરા ફરીયાદી હાજર હોય જેઓએ બનાવવાળી જગા બતાવતા પોતાના રહેણાંકીય મકાનમાં અંદર પ્રવેશતા સીમેન્ટના પતરા વાળો રુમમાં ગોદરેજના કબાટમાં દાગીનાની ચોરી થયેલાનુ જણાવેલ. જેમાં ચીજવસ્તુ વેર વીખેર જોયેલી અને દાગીનાના બોકસ ખાલી પડેલા જોયેલા. કબાટના દરવાજા જોતા બહારની સાઇડ વળી ગયેલા તુટી ગયેલા જોયેલા અને ફરીયાદીના કહેવા મુજબ દાગીના તથા રોકડ રૂા.૫૭,૦૦૦/– મળી કુલ રૂા.૬૭,૦૦૦/– ની ચોરી થયેલાનુ માલુમ પડેલ. પોલીસે વિગતવારનુ પંચનામુ લખીને તેઓની સહી કરાવેલી. તેઓને નામદાર કોર્ટના રેકર્ડમાંથી તા.૨૮/૫/૨૦૧૦ ના રોજની પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે તેમાં પંચ–૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૭ થી રજુ છે. તે વખતે તેઓની સાથે બીજા પંચ તરીકે જમનાદાસ નરસીભાઇ કનસાગરા હતા તેમણે તેઓની હાજરીમાં સહી કરેલી તે ઓળખી બતાવે છે.

(૯) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચ સાહેદ જેન્તીભાઇ જેઠાભાઇ વાઢેરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આશરે ૧૪ વર્ષ પહેલા પોલીસે તેઓને રોકેલા અને પંચમાં રહેવા સમજ કરેલી ત્યારે એક ઇસમ દીનેશ શંભુ વાઘેલા, રહે.રાજુલા વાળાની અટક કરવાનુ જણાવેલ. જે ઇસમ હાજર હતો તેની અંગઝડતી કરતા કોઇ ચીજવસ્તુ મળી આવેલ નહી અને તેની અટક કરી પંચનામામાં તેઓની સહી કરાવેલી ત્યારે બીજા પંચ કોઇ હમીરભાઇ પણ હતા તેની પણ સહી કરાવેલી. તેઓને નામદાર કોર્ટના રેકર્ડ માંથી તા.૪/૧૦/૨૦૧૦ ના પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં તેઓની પંચ નં.૧ તરીકે સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આરોપીને જોયે લાંબો સમય થયેલ હોય કદાચ હાજર હોય તોય ઓળખી શકે નહી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૦ થી ફરીયાદી પ્રફુલભાઇ ગોરધનભાઇ અંધેરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ ૧૫ વર્ષ પહેલા બનેલો ત્યારે તેઓ તથા તેઓની પત્ની અને તેઓનો પુત્ર શ્યામ ત્રણેય

જણા તેઓના મકાનને તાળુ મારી બાજુ રહેતા તેઓના બાને ચાવી આપી તેઓના ખેતરે ગયેલા. ત્યાં તેઓનો ભાઇ પણ કામ કરવા આવેલા હતા અને બપોરના બારેક વાગ્યાની આસપાસ તેઓની ભત્રીજી શ્રધ્ધાએ ફોન કરી જણાવેલ કે દાદીમા તમારા ઘરે ભેંસને પાણી પાવા જતા ત્યારે તમારા રુમના દરવાજાનુ તાળુ તથા રુમનો દરવાજો ખુલ્લો હતો અને સામાન વેરવીખેર હતો તમે તાત્કાલીક આવો તેવુ જણાવતા તેઓ તથા તેઓની પત્ની દક્ષા તથા તેઓના ભાઇ અશોક અને તેની પત્ની મોટર સાયકલ પર તેઓના ઘરે આવેલા અને જોયુ તો રુમનો દરવાજો ખુલ્લો પડેલ હતો અને કબાટનો દરવાજો પણ ખુલ્લો હતો અને તેમાનો સામાન વેરવીખેર પડેલ હતો અને કબાટના તીજોરીના અંદરના નાના મોટા ખાતામાં રાખેલા રુપીયા તથા દાગીના ખાલી પેટી રુમમાં પડેલી જોવા મળેલી. જેમાં તેઓના ઘરેથી ચોરી થયેલાનુ જણાયેલ અને તેઓના સોનાના બે ચેઇન તથા પેન્ડલ જેની જે તે સમયની કિંમત રૂા.૨૮ હજાર હતી તથા સોનાનો સેટ બુટ સાથેનો જે આશરે અઢી તોલાનો હતો જેની કિંમત રૂા.૨૫ હજાર જેટલી જે તે સમયે હતી તથા બે સોનાના પેન્ડલ તથા સોનાની વીંટી નંગ–૨ તથા કાનની બુટી જોડી બે અને ચાંદીના સાંકળા તથા રોકડ રકમ રૂા.૫૭ હજાર હતા જે મળી કુલ રૂા.૧,૬૭,૦૦૦/– જેવી માલમતાની ચોરી થયા અંગેની ફરીયાદ તેઓએ તાલાલા પો.સ્ટે.માં લખાવેલી, જે ફરીયાદ તથા એફ.આઇ.આર. આ કામે આંક–૨૧ તથા ૨૨ થી રજુ છે. આ ફરીયાદ આપ્યા બાદ બે–ત્રણ માસ પછી આરોપી મળી આવેલ ત્યારે પોલીસે તેઓને જાણ કરેલી અને આરોપીને જોયેલા અને પોલીસે મુદામાલમાં રહેલ સોનાની વસ્તુના ઢાલ કબજે કરેલ હતા. લાંબો સમય થયેલ હોય આરોપીને જોયેથી હાલ ઓળખી શકે નહી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૩ થી પંચ સાહેદ નટુભાઇ શ્યામજીભાઇ કમાણી, આંક–૨૫ થી પંચ સાહેદ રેમાનભાઇ વલીભાઇ તુરક, આંક–૨૭ થી પંચ સાહેદ વિજયભાઇ અમુભાઇ લુહાર તથા આંક–૩૪ થી પંચ સાહેદ નાથાભાઇ આલસુરભાઇ ગુજરીયા નાઓને તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૨૪ થી રજુ થયેલ મુદામાલ કબજે કર્યા અંગેના પંચનામા તથા આંક–૨૬ થી રજુ થયેલ પંચનામા તથા આંક–૨૮ થી રજુ થયેલ મુદામાલ કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં આંક–૨૪, ૨૬ તથા ૨૮ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્રારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૦ થી પંચ સાહેદ અરવિંદભાઈ હરસુખભાઈ રાણીંગાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૧૦ ની સાલમાં પોલીસે તેઓને પંચમાં રહેવા માટે બોલાવેલા. જે તે સમયે તેઓ વેરાવળ સોની વેપારી એસો.ના પ્રમુખ હતા. ત્યાં તેઓની સાથે બીજા પંચમાં મનીષભાઈ કછલા હતા અને ત્યાં જીતેન્દ્રભાઈ રાણીંગા, રહે.વેરાવળ વાળા હાજર છે. જેઓએ એક સોનાની પીળી ધાતુનો ટુકડો રજુ કરેલ, જે જોતા ત્યાં એક ઈસમ જેનુ નામ તુષાર પાલા હોય તેણે વજન કરી જોતા ૬૦.૩૭૦ મીલી ગ્રામના વજનનો જે તે સમયે બજાર કિંમત રૂા.૭૮ હજાર હોવાનુ જણાવેલ, જે પંચનામુ કરી પોલીસે કબજે કરેલ. તેઓને પંચનામુ તા.૦૭/૧૦/૨૦૧૦ ના રોજનુ બતાવવામાં આવે છે, જેમાં તેઓની તથા મનીષભાઈની સહી છે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૩૧ થી રજુ છે. તેઓને મુદામાલ પાવતી નં.૧૧૦/૨૦૧૦, ગુ.ર.નં.ફ/૫૬/૨૦૧૦ ના કામે જીતેન્દ્રભાઈ સોની પાસેથી કબજે કરેલ આર્ટીકલ નં.૧ વાળુ ઢાળીયુ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે, તે તેઓની રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે જે ઓળખી બતાવે છે. જે પ્લાસ્ટીકની પારદર્શક ડબીમાં પ્લાસ્ટીકની પારદર્શક ટેપ મારેલ અવસ્થામાં છે, તેની સાથે રહેલ પહોંચમાં પંચ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૩૨ થી રજુ છે.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૩ થી સાહેદ જીતેન્દ્રકુમાર કરશનજી રાણીંગાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૧૦ ની સાલમાં તેઓ દુકાને હતો ત્યારે પોલીસ સાથે એક સ્ત્રી તેઓની દુકાને આવેલી અને તે સ્ત્રીએ ચારેક મહીના પહેલા સોનાના દાગીના જેમાં ચેઈન, વીંટી, બુટી તેઓને વેચાણ માટે આવેલ હોવાનુ જણાવેલ અને તે દાગીના ચેક કરતા જુના હોય જેની ઉધાડમાં રૂા.૨૭ હજાર નકકી કરેલ અને તેને રોકડ રુપીયા ચુકવેલા. તે પોલીસ સાથે આવેલ ત્યારે તેઓને જાણ થયેલ કે તે બહેનને તે ચોરીના દાગીના હોવાનુ જણાવેલ અને પોલીસે તેઓની પાસેથી ૬૦ ગ્રામ ઉપરાંતનુ ઢાળ માંગતા તેઓએ તે રજુ કરેલા. જે તે સમયે દાગીના તેનાથી ઓછા વજનના હતા અને તે બાબતે ઢાળ રજુ કર્યા બાદ તેઓનો જવાબ લેવાયેલો.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૫ થી સાહેદ દક્ષાબેન પ્રકુલભાઈ અંધેરાને

તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ૧૬ વર્ષ પહેલા તેઓ તથા તેઓનો દીકરો શ્યામ તેઓના પતિ સાથે મકાનને તાળુ મારીને ચાવી તેઓના સાસુને આપી વાડી ગયેલા અને તેઓના જેઠ અને તેના પત્ની બગીચામાં કામ કરતા હતા ત્યારે તેઓ વાડીએ હોય ત્યારે તેઓના પતિના મોબાઇલમાં ફોન આવેલ કે મકાનનો દરવાજો ખુલ્લો છે અને તાળુ તુટેલી હાલતમાં છે. જેથી તરત જ તેઓ તથા તેઓના પતિ તથા જેઠ-જેઠાણી મોટર સાયકલ પર ઘરે આવેલા અને જોયુ તો રુમનો દરવાજો ખુલ્લો હતો અને કબાટના દરવાજા ખુલ્લા હતા અને તીજોરીના ખાનામાં રાખેલ દાગીના તથા રુપીયા જોવા મળેલ નહી. જે કુલ દાગીના ૧,૬૭,૦૦૦/- ની કીંમતના હતા અને રોકડ રુપીયા ૫૭ હજાર હતા. જેની ફરીયાદ તેઓના પતિએ આપેલ અને પોલીસે આ બાબતની તેઓની પુછપરછ કરેલી. ત્યારબાદ ચોર પકડાઇ જતા તેને તેઓની ઘરે લઇ આવેલા ત્યારે તેઓએ તેને જોયેલો તેનુ નામ તેઓને હાલ યાદ નથી પરંતુ હાજર હોય તો જોયેથી ઓળખી શકે.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક-૩૬ થી સાહેદ અશોકભાઇ ગોરધનભાઇ અંધેરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ૧૬ વર્ષ પહેલા તેઓ તથા તેઓની પત્ની વાડીએ કામ કરતા હતા ત્યારે તેઓના ભાઇ પ્રફુલ તેની પત્ની અને દીકરો શ્યામ મકાનને તાળુ મારીને ચાવી તેઓની માતાને આપી વાડી આવેલા અને તેઓના ભાઇના મોબાઇલમાં ફોન આવેલ કે મકાનનો દરવાજો ખુલ્લો છે અને તાળુ તુટેલી હાલતમાં છે. જેથી તરત જ તેઓ તથા તેઓની પત્ની તથા ભાઇ, ભાભી તથા તેનો દીકરો મોટર સાયકલ પર ઘરે આવેલા અને જોયુ તો રુમનો દરવાજો ખુલ્લો હતો અને કબાટના દરવાજા ખુલ્લા હતા અને તીજોરીના ખાનામાં રાખેલ દાગીના તથા રુપીયા જોવા મળેલ નહી. જે કુલ દાગીના ૧,૬૭,૦૦૦/- ની કિંમતના હતા અને રોકડ રુપીયા ૫૭ હજાર હતા. જેની ફરીયાદ તેઓના ભાઇએ આપેલ અને પોલીસે આ બાબતે પુછપરછ કરેલી. આ કામના સાહેદ નં.૧૯ શ્રધ્ધાબેન અશોકભાઇ અંધેરા તે તેઓની દીકરી છે. બનાવ સમયે તે ૧૮ વર્ષ કરતા ઉંમરમાં નાની હતી અને હાલ તે પરણીત હોય અને સાસરીયામાં અમદાવાદ મુકામે હોય અને બનાવ બાબતે તેને કોઇ વિશેષ માહીતી ન હોય અને હાલ ગર્ભવતી હોય ડો.સાહેબે તેને મુસાફરી કરવાની મનાઇ કરેલ હોય તે હાલ નામદાર કોર્ટમાં આવીને જુબાની આપી શકે તેમ નથી.

(૧૬) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૮ થી તપાસ કરનાર અમલદાર જનકસિંહ બળવંતસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૮/૦૫/૨૦૧૦ ના રોજ તાલાલા પો.સ્ટે.ગુ.ર.નં.૫૬/૨૦૧૦ થી આઇ.પી.સી.કલમ–૩૮૦, ૪૫૪ મુજબનો ગુનો રજી. થયેલ. જે કામે ફરીયાદી રમરેચી ગામે આવેલ ફરીયાદીના મકાનમાંથી વંડી ઠેકી ડેલામાં પ્રવેશ કરી દરવાજાનુ તાળુ તોડી રૂમમાં આવેલ કબાટમાનુ તીજોરીનુ તાળુ તોડી સોનાના ચેઇન બે, સોનાની વીંટી ૩, સોનાનો હાર એક, કાનમાં પહેરવાની બુટી જોડી બે, સોનાના નાકમાં પહેરવાના દાણા ૩, પેંડલ નંગ ૨ અને રોકડ રૂપિયા સતાવન હજાર મળી અંદાજે કુલ રૂા.૧,૬૭,૦૦૦/– ની ચોરી કરેલાની હકીકત સામે આવેલી. જે કામની તપાસ સૌપ્રથમ તાલાલાના હેડ કોન્સ. એચ.એચ.શર્મા સંભાળતા હોય ત્યારબાદ તાલાલા પી.એસ.આઇ. વી.કે.પટેલ નાઓએ આ કામની તપાસ કરેલી. ત્યારબાદ તેમની ટ્રાન્સફર થતા તેઓ તાલાલા પી.એસ.આઇ. તરીકે હાજર થયેલ અને આ કામની તપાસ તેઓને મળેલી. જેમાં તેઓએ જરૂરી પંચનામાઓ કરી આરોપીઓને પકડેલા. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા અને ત્યારબાદ આરોપીએ ચોરીનો મુદામાલ સોનીને વેચેલાની હકીકત જણાવતા તેને સાથે રાખીને અલગ અલગ સોની પાસેથી પંચનામાની વિગતે સોનાના ઢાળ કબજે કરેલા અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા નામદાર કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ રાખેલ. તેઓને અસલ કેસ કાગળોમાંથી સાહેદ જેન્તીભાઇ કાન્તીલાલ જોગીયા જે મુદામાલ ઉનાના રીફાઇનરી વાળા મરાઠા પાસેથી ઢાળ કબજે થયેલ જે ઢાળની ચકાસણી અંગેનુ સોની જેન્તીભાઇ જોગીયાએ ખરાઇ કરી જે અંગે પહોંચ લખી આપેલ, જે અસલ પહોંચમાં જેન્તીભાઇની સહી છે, જે આ કામે આંક–૩૯ થી રજુ છે. તેઓને સદર કામના મુદામાલ પાવતી નં.૧૧૦/૧૦ તથા ૧૧૨/૧૦ વાળા આર્ટીકલ નામદાર કોર્ટ સમક્ષ ખોલી બતાવવામાં આવે છે તે જોયને તેઓ કહે છે કે, તે તપાસના કામે તેઓએ જે સોનાના ઢાળ કબજે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે તેમજ મુદામાલ પાવતી નં.૧૧૨/૧૦ ના કામે પાવતી બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા રૂબરૂમાં તેઓની સહી છે જે સાહેદ દતાત્રેય પાસેથી સોનાનો ઢાળ કબજે કરેલ ૨૫.૭૫૦ મી.ગ્રામનો છે. જે પાવતીમાં પંચોની તથા રૂબરૂમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૪૦ થી રજુ છે.

(૧૭) પ્રસ્તુત કેસમાં હાલના ગુન્હા સંદર્ભે ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો આ કામે આંક–૧૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદે પોતાના પુરાવામાં આંક–૧૭ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે. એટલે કે સદર પંચ સાહેદના પુરાવા પરથી બનાવવાળી જગ્યાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં આ સંદર્ભે આંક–૧૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી નં.૧ ને ગુનાના કામે અટક કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે. પરંતુ સદર પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી નં.૧ ની અંગઝડતી કરતા કોઇ ચીજવસ્તુ મળી આવેલ ન હોવાની હકીકત પોતાના પુરાવામાં જણાવેલ છે. વધુમાં આ સંદર્ભે આ કામના ફરીયાદી પ્રફુલભાઇ ગોરધનભાઇ અંધેરા નાઓએ પોતાના આંક–૨૦ ના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. વધુમાં ફરીયાદીએ પોતાના પુરાવામાં લાંબો સમય થયેલ હોય આરોપીને જોયેથી હાલ ઓળખી શકે તેમ ન હોવાની હકીકત જણાવેલ છે. જેથી ફરીયાદીના પુરાવા પરથી ફરીયાદીના ઘરમાં ફરીયાદમાં જણાવ્યા મુજબની ચોરી થયેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે, પરંતુ સદર ચોરી આ કામના આરોપીઓ દ્વારા કરવામાં આવેલ હોય તે સંદર્ભેની કોઇ હકીકત રેકર્ડ પર જણાય આવતી નથી. વધુમાં આ કામે આંક–૩૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદે પોતાના પુરાવામાં આંક–૩૧ થી રજુ થયેલ મુદામાલ કબજે કર્યા અંગેના પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે. એટલે કે સદર પંચ સાહેદના પુરાવા પરથી જીતેન્દ્રભાઇ સોની પાસેથી સોનાનુ ઢાળીયુ કબજે કર્યા અંગેની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં આ સંદર્ભે સાહેદ જીતેન્દ્રકુમાર કરશનજી રાણીંગા નાઓએ પોતાના આંક–૩૩ ના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. વધુમાં સાહેદે પોતાના પુરાવામાં એક સ્ત્રીએ ચારેક મહીના પહેલા સોનાના દાગીના જેમાં ચેઇન, વીંટી, બુટી તેઓને વેચાણ માટે આપેલ હોવાનુ જણાવેલ અને તે દાગીના ચેક કરતા જુના હોય જેની ઉધાડમાં રૂા.૨૭ હજાર નકકી કરેલ અને તેને રોકડા રુપીયા ચુકવેલાની હકીકત જણાવેલ છે. આ સંદર્ભે હાલના કેસનુ રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપી નં.ર હાલના કેસની ટ્રાયલ દરમ્યાન મરણ જતા તેમની વિરૂધ્ધનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના આરોપી નં.૧ દ્વારા સોનાના દાગીના આરોપી નં.ર ને આપવામાં આવેલ હોય કે હાલના સાહેદ દ્વારા આ કામના આરોપી નં.૧ વિરૂધ્ધનો કોઇ પુરાવો

પોતાની સરતપાસમાં રજુ રાખેલ નથી. વધુમાં આ સંદર્ભે સાહેદ દક્ષાબેન પ્રફુલભાઈ અંધેરા નાઓએ પોતાના આંક–૩૫ ના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. વધુમાં સાહેદે પોતાના પુરાવામાં ચોર પકડાઈ જતા તેને તેઓના ઘરે લઈ આવેલા ત્યારે તેઓએ તેને જોયેલો તેનુ નામ તેઓને હાલ યાદ ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આ સંદર્ભે સાહેદ અશોકભાઈ ગોરધનભાઈ અંધેરા નાઓએ પોતાના આંક–૩૬ ના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. પરંતુ હાલનો સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે સોનાના દાગીના તથા રોકડ રકમની ચોરી આ કામના આરોપી નં.૧ ધ્વારા કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત તેમના પુરાવા પરથી રેકર્ડ ઉપર ફલીત થતી નથી. વધુમાં આ સંદર્ભે તપાસ કરનાર અમલદાર જનકસિંહ બળવંતસિંહ વાઘેલા નાઓએ પોતાના આંક–૩૮ ના અદાલત સમક્ષ પુરાવામાં તેઓની ફરજ દરમ્યાનની રૂટીન કાર્યવાહી મુજબ હાલના આક્ષેપીત બનાવની તપાસ કર્યા અંગેનો પુરાવો રજુ કરેલ છે. સદરહુ ત.ક.અમલદારે આંક–૨૪ તથા ૨૮ વાળા મુદામાલ રીકવરી પંચનામા કરેલાની હકીકત પોતાના પુરાવામાં જણાવેલ છે. પરંતુ આ સંદર્ભે સદર પંચનામાના પંચ સાહેદોને આંક–૨૩, ૨૭ તથા ૩૪ થી તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદોએ આંક–૨૪ તથા ૨૮ વાળા પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી હાલના આરોપી પાસેથી સદરહુ પંચનામાની વિગતે મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તેવી હકીકત રેકર્ડ પર પ્રસ્થાપિત થતી નથી. વધુમાં ત.ક.અમલદારે આંક–૨૬ વાળુ રીકન્સ્ટ્રકશન પંચનામુ કરેલાની હકીકત જણાવેલ છે. પરંતુ આ સંદર્ભે સદર પંચનામાના પંચ સાહેદને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદે આંક–૨૫ વાળા પંચનામાને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૧૮) આમ, સદર કામે રજુ ફરીયાદપક્ષના પુરાવાથી ફરીયાદમાં જણાવ્યા મુજબની ચોરી થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે, પરંતુ સદર કામના આરોપીએ ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. એ વાત ઉલ્લેખનીય છે કે, ચોરીના ગુનામાં નજરે જોનાર સાહેદ હોઈ શકે નહી તેથી સીધા પુરાવાથી ચોરીનો ગુનો પુરવાર કરવો ઘણો કઠીન છે. પરંતુ હાલના આરોપીને સીધી રીતે કે સાંયોગીક પુરાવાને આધારે આ ગુનાના કામે સાંકળી શકાય તેવી હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર લાવવાની

રહે છે. ઉપર જણાવ્યા મુજબ ફરીયાદી તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે તે જુબાનીથી આરોપીએ ચોરી કરેલાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી ફરીયાદપક્ષ તરફથી આરોપીને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રજુ થતો નથી. આમ સદર કામે ઉપરોકત તમામ એકંદર હકીકતને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધના મજકુર ગુનાના કામે આરોપીને સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાંકળી શકાય તેવી કોઇ હકીકત કે પુરાવો ફરીયાદપક્ષ આ કામે રજુ કરી શકેલ નથી.

**(૧૯)** સદરહુ કામે ફરીયાદી તેમજ સાહેદ જીતેન્દ્રભાઇ દ્વારા મુદામાલની જે તે સમયે અરજી કરવામાં આવેલ અને સદરહુ મુદામાલ બાબતે આ પક્ષકારો દ્વારા પોતાની હોવાની રજુઆત કરવામાં આવેલ. જે જોતા ફરીયાદી દ્વારા આ કામે તેઓની ફરીયાદ મુજબ સોનાના બે ચેઇન તથા પેન્ડલ જેની જે તે સમયની કિંમત રૂા.૨૮ હજાર હતી તથા સોનાનો સેટ બુટ સાથેનો જે આશરે અઢી તોલાનો હતો જેની કિંમત રૂા.૨૫ હજાર જેટલી જે તે સમયે હતી તથા બે સોનાના પેન્ડલ તથા સોનાની વીંટી નંગ–૨ તથા કાનની બુટી જોડી બે અને ચાંદીના સાંકળા તથા રોકડ રકમ રૂા.૫૭ હજાર હતા જે મળી કુલ રૂા.૧,૬૭,૦૦૦/– હોવાની ફરીયાદ લખાવેલી અને તેઓએ આ કામે તા.૨/૧૧/૨૦૧૦ ના રોજ મુદામાલ અરજી દાખલ કરવામાં આવેલી જે અરજીની સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને જેમાં તેઓના બીલ રજુ કરવામાં આવેલા તે જોતા સોનાનો સેટ આશરે ૩૧.૧૦૦ ગ્રામ, પેંડલ સેટ આશરે ૬.૦૫૦ ગ્રામ, હેમનો જુનો ખેરીચો આશરે ૩૨.૧૦૦, સોનાનો ચેઇન ૨૧.૪૫૦ ગ્રામ આમ કુલ આશરે ૯૦ ગ્રામથી વધારે સોનુ ચોરાયેલ હોવાની ફરીયાદ લખાવેલ છે. વધુમાં આ કામે સાહેદ જીતેન્દ્રભાઇની પાસેથી પોલીસ દ્વારા ૬૦.૩૭૦ ગ્રામ નો ઢાળીયો કબજો કરવામાં આવેલો છે અને આ જીતેન્દ્રભાઇ દ્વારા પણ સદરહુ મુદામાલ પોતાનો હોવાની મુદામાલ અરજી તા.૦૧/૦૨/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલી છે અને પંચનામુ જોતા જીતેન્દ્રભાઇ પાસેથી ૬૦.૩૭૦ ગ્રામનો ઢાળીયો કબજે કરેલ હોવાનુ પંચનામુ જોતા જણાય આવે છે. વધુમાં આ કામે સાહેદ દતાત્રેય પાસેથી પંચનામાની વિગતે ૨૫.૭૫૦ ગ્રામ સોનાનો ઢાળીયો કબજે કરેલ હોવાનુ જણાય આવે છે, પરંતુ સાહેદ દતાત્રેય દ્વારા મુદામાલ પરત મેળવવા કોઇ અરજી કરેલ નથી. તેઓને અનેકવખત સમન્સ વોરંટ કાઢવા છતા તેઓને સમન્સ વોરંટ બજેલ નથી. આમ પોલીસ દ્વારા કુલ ૮૬.૧૨૦ ગ્રામનો ઢાળીયો કબજે

કરેલ છે. વધુમાં સાહેદ જીતેન્દ્રભાઇની જુબાની વંચાણે લેતા તેઓની જુબાની મુજબ કોઇ સ્ત્રી તેની દુકાને ચારેક મહીના પહેલા આવેલ હોય અને સોનાના દાગીના જેમાં ચેઇન, વીંટી, બુટી વેચાણ માટે આપેલ હોવાનુ જણાવેલ અને તેના બદલામાં તેઓએ રૂા.૨૭ હજાર તે સ્ત્રીને ચુકવેલ હોવાનુ તેની જુબાનીમાં જણાવેલ છે. જેથી જીતેન્દ્રભાઇ પાસેથી જે મુદામાલ પોલીસ દ્રારા કબજે કરવામાં આવેલો તે ફરીયાદીનો હોવાનુ જણાય આવતુ હોય સદરહુ મુદામાલ ફરીયાદીને સોંપવાનો ન્યાયોચીત જણાય આવતુ હોય સદરહુ મુદામાલ ફરીયાદીને સોંપવાનો પણ હુકમ કરવામાં આવે છે.

(૨૦) આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા, રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા, રજુ પ્રોસેસ તથા નિવેદનો તમામ એકસાથે ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ આરોપીઅ સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે. આરોપી વિરૂધ્ધ ફકત ચાર્જશીટ થવા માત્રથી આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ છે તેવુ માની સજા કરી શકાય નહી, તે ગુનો ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરવાનો હોય છે. એટલે કે ફરીયાદપક્ષ કોર્ટમાં પોતાનો કેસ લઈને આવેલા છે અને તે શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય છે, જે ફરીયાદપક્ષ સાબિત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

(૨૧) આમ,જયારે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે સાબીત થતો ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુદ્ધ સબબ ગુનાની જોગવાઈ મુજબના તત્વો સાબિત થતા ના હોય તે સબબ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. તે માટેનું નામદાર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. In the case of **Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court** has laid down the tests which are prerequisites before conviction should be recorded, which are as under:

i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;

ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

iii. The circumstances should be of conclusive nature and tendency;

iv. They should exclude every possible hypothesis except the one to be proved; and

v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

**(૨૨)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે "**મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧**" માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"**197.** In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be

innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contained in Article- 20 and 21 of the Constitution of India."

(૨૩) વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કાલીરામ વિ. સ્ટેટ ઓફ એચ.પી. (૧૯૭૩) ૨ એસ.સી.સી. ૮૦૮ માં જણાવેલ છે કે, "It is important to note that the cardinal principles in the administration of criminal justice in cases where heavy reliance is placed on circumstantial evidence, is that where two views are possible, one pointing to the guilt of the accused and the other towards his innocence, the one which is favourable to the accused must be adopted."

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટના રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન મળતુ નથી અને સાહેદોની જુબાની જોતા આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદા નં.૧ ની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના **આરોપી** ૧) દીનેશ શંભુભાઈ વાઘેલા નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૦, ૪૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીને સોંપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ સદરહુ મુદામાલ અપીલ થતા સુધી ફેરફાર ન કરવાનો પણ હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કેસ આરોપીઓની ગેરહાજરીમાં ચલાવેલ હોય, સબબ સદર ચુકાદો આરોપીઓ ની ગેરહાજરીમાં જાહેર કરેલ છે.

ચુકાદો આજરોજ **તા.૩૦, માહે- એપ્રિલ, સને- ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૩૦-૦૪-૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.